સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

કાશ્મીરી કેસરની સુગંધ માટે નાક ખૌંચે છે,
સત્તાનાં ભાગ પડાવવા ભાજપ નાક વૌંચે છે,
મીંચે છે આંખ અપમાનજનક શરતો છતાં -
ઓ, મહેબૂબા, મહેબૂબા કરીને શાખ ધાંચે છે...

હાઈકુ

છે ખોટો શ્રમ,
આ 'સાંઢો' નાથવાનો -
જીવ જોખમે..
(RTI અને જલીકટ્ટુ)
સમાનતા

ખૌંચ પકડ!
મુઝે જોર આતા હૈ -
ટંગડી ઊંચી...
(હાર્દિક-વલણ)

ચિંતન

દોષ વર્જિતાનિ કાર્યાણિ દુર્લભાનિ ॥

'ચાણક્ય નીતિ'નું આ સૂત્ર છે :

જેમાં કોઈ પણ પ્રકારનો દોષ જ ન થતો હોય એવાં કાર્યો બહુ જ ઓછા છે - દુર્લભ છે...

જંગલમાં પ્રાણીઓને માત્ર પોતાનું પેટ ભરવા સિવાય બીજી કોઈ સ્વાર્થ-સંચયવૃત્તિ નથી હોતી આમ છતાં 'જીવો-જીવસ્ય ભોજનમ્' ન્યાયે પણ પ્રાણીઓ પોતાનાથી નબળી 'જાતિ'ના પ્રાણીઓનો શિકાર કરી જાય છે - ખાય છે. આમાં દોષ પણ છે અને કુદરતી ન્યાય પણ છે.

આપણા જીવનોપયોગી વ્યવસાયોમાં પણ આવું જ છે વસ્ત્ર બનાવવામાં વનસ્પતિનો નાશ-ખેતીમાં નાના જીવજંતુનો નાશ-દવા છાંટવી-ચકલાંને ચણી ન જાય તેની તકેદારી-મકાન બનાવવામાં પણ અનેક નાના જીવજંતુની હાનિ થાય છે. ('વાસ્તુ' પણ એટલે જ કરવામાં આવે છે) આમ રોટી-કપડા-મકાન બધામાં હિંસા પાયામાં જ છે. કોઈ પણ ધંધામાં હિંસામુક્ત નથી. ગમે તેવી અહિંસામાં માનાર ધર્મ પણ આમાંથી બચી શકે તેમ નથી. વિચારી જોજો... સુક્ષ્મ હિંસા સિવાયનું કોઈ પણ કાર્ય દુર્લભ છે.

સુવિચાર

- આત્માને રથી માનો અને શરીરને રથ, બુદ્ધિને સારથી માનો અને મનને લગામ ગણો - **કઠોપનિષદ**
- માનવ જબ જોર લગાતા હૈ, પથ્થર પાની બન જાતા હૈ - **રામધારીસિંહ દિનકર**
- માણસને સ્વાર્થાંધ બનતા આવડે છે, મદાંધ બનતાં આવડેછે, ધર્માંધ બનતા આવડે છે, પણ સમયોચિત સંકલ્પબદ્ધ બનતા નથી આવડતું - **ચંદ્રકાન્ત મહેતા**
- સંયુક્ત કુટુંબમાં સહજીવન એટલે સંબંધનું 'શોષણ' નહીં પણ 'સિંચન' કરવાની સ્વયંભૂ ભાવના - **જનકલ્યાણ**
- માણસના નાશનું કારણ કામચોરી, પલાયનવૃત્તિ, કંટાળો, ઉદાસીનતા જેવા વિઘાતક શસ્ત્રો છે - **જીવનસૂત્ર**
- ખોટા સમયે ખોટો નિર્ણય-પરિણામ : વિનાશ, સાચા કે યોગ્ય સમયે ખોટો નિર્ણય - પરિણામ : ભૂલ ખોટા સમયે સાચો નિર્ણય-પરિણામ : અસ્વીકાર, સાચા સમયે સાચો નિર્ણય-પરિણામ : સફળતા - **જહોન મેકસવેલ**
- **આજનું ઔષધ :** નરણા કોઠે હુંફાળું પાણી પીવાથી રાંજણ વામાં રાહત થાય છે. **(સંકલન : દીપક વી. આસરા)**

બોધકથા

સાધારણ-સામાન્ય વિદ્યાર્થીઓ પાઠ્ય-પુસ્તક-ગાઈડ-શોર્ટકટ વાંચી પરીક્ષા 'પાસ' કરી નાખે બહુ ગોખનારા કે યાદશક્તિવાળા 'ટકા' પણ લઈ આવે આમાં કોઈ આશ્ચર્ય નથી. જયારે કોઈ વિદ્યાર્થી નિયમ અને સિદ્ધાંતથી પણ ઉપર જઈ વિચારે અને પ્રશ્ન ઊભા કરે એ જ તીવ્ર બુદ્ધિશાળી છે.

શ્રીનિવાસ રામાનુજ પ્રખ્યાત ગણિતશાસ્ત્રી થઈ ગયા. એમની વિદ્યાર્થી અવસ્થાનો આ પ્રસંગ છે. શાળામાં ગણિતનો પિરીયડ હતો. 'ભાગાકાર'ની સમજ આપતા શિક્ષકે સાદું દૃષ્ટાંત પૂછ્યું - મારી પાસે ત્રણ કેળા હોય અને ત્રણ વિદ્યાર્થીને એ વેંચવા હોય તો દરેકને કેટલા કેળા મળે. બધા વિદ્યાર્થી સાથે બોલી ઉઠ્યા. 'એકેક...'

શ્રીનિવાસે ઊભા થઈ પુછ્યું, સર! એકે કેળું કોઈ ને ન વેંચવાથી પણ એકેય કેળું કોઈને મળે ખરું?!

વિદ્યાર્થીઓ મૂર્ખ પ્રશ્ન પર હસ્યા.

શિક્ષક મંથન કરવા લાગ્યા. શૂન્ય ને શૂન્યથી ભાગી શકાય? ગણિતશાસ્ત્રીઓ વર્ષો સુદી આ પ્રશ્ન મૂંઝવતો રહ્યો.

ભાજપ માટે ગુજરાતનો ગઢ સાચવવો અનિવાર્ય

તંત્રીસ્થાનેથી....

ગુજરાત એ ભાજપનો ગઢ જ નહી બલકે એનું રાજકીય નર્વ સેન્ટર છે. ભારતીય જનતા પાર્ટીને બિહાર-ઉત્તરપ્રદેશ ગુમાવવાં પાલવશે, પરંતુ ગુજરાત પોતાના હાથમાંથી સરકી જાય તો એના માટે મરણતોલ ફટકો બની રહેશે. આથી રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે હવે ગુજરાત પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યુંલાગેછે, તાજેતરમાં એમનું નામ સોમનાથ ટ્રસ્ટમાં પણ ઉમેરાયું છે, એટલે એની બેઠકોના નિમિત્તે પણ એ ગુજરાત આવતા-જતા રહેશે. છ કોર્પોરેશનોમાં ભાજપની સત્તા અકબંધ રહી છે છતાં એમાં કોંગ્રેસે ખાસ્સાં ખાબડાં પાડ્યાં છે. જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતો ગુમાવી છે એની સામે ભાજપે નગરપાલિકાઓમાં સારો દેખાવ કર્યો છે. પરંતુ સરવાળે મોદીશાસન કાળ દરમિયાન ગુજરાતમાં ભાજપની જે મજબૂત સ્થિતિ હતી તેમાં ઘણો ઘસારો પહોંચ્યો છે, એ હકીકતનો કોઈ ઈનકાર કરી શકે તેમ નથી. આથી ગુજરાતમાં ભાજપનું સંગઠન વધુ પ્રભાવી બનાવવાની દિશામાં પ્રયત્નો શરુ થઈ ગયા છે. અસંતુષ્ટોને થાળે પાડવાના ભાગ રુપે સ્વ. હરેન પંડ્યાનાં પત્નીનું રાજકીય પુનઃસ્થાપન કરાયું છે. એ જ રીતે પાટીદાર સમાજના આંદોલનકારીઓ સામેના કેસ પાછાં ખેંચવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. અલબત્ત, એમાં હાર્દિક પટેલના 'લેટર બોમ્બ'ને લીધે ધાર્યા નિશાન પાડવામાં શાસનને ખાસ્સી મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે. પરંતુ છેલ્લે ખુદ હાર્દિક પટેલે સમાધાનના સંકેતો આપતાં ઘીના ઠામમાં ઘી પડી રહેશે એવું લાગી રહ્યું છે. પક્ષ પ્રમુખ તરીકે કોને બેસાડવા તે મુદ્દે ભારે અવઢવ પ્રવર્તી રહી છે. પગ નીચેથી સરકી જઈ રહેલી પાટીદાર વોટ બેંક સાચવી લેવાની કવાયત જિલ્લા સમિતિઓના પ્રમુખોની નિમણૂકમાં પણ દૃષ્ટિગોચર થાય છે. જે જિલ્લાઓમાં પાર્ટીનો ધબડકો વળી ગયો છે ત્યાં પ્રમુખો બદલાયા જરુર છે પરંતુ પાટીદાર પ્રમુખને કાઢીને નવો પાટીદાર ચહેરો જ મૂકવાનો પ્રયાસ કરાયો છે. વળી પાટાદીરોને સાચવવા જતાં ઓબીસી સમાજ નારાજ ન થાય, એની પણ કાળજી રખાઈ છે. કેટલાક જિલ્લા અને મહાનગર પ્રમુખોનાં નામો સામે હોબાળો સરજાયો છે. મોદીની હાજરીમાં કોઈની તાકાત નહોતી કે એનો અસંતોષ રજૂ કરે. પાંસઠ ટકા જિલ્લા-મંડલોના પ્રમુખો નિમાઈ ચૂક્યા હોઈ હવે નવા પાર્ટી પ્રમુખની નિમણૂકનો માર્ગ મોકળો બન્યો છે. પ્રશ્ન એ છે કે જયારે રાજયના મુખ્યમંત્રી પદે પટેલ સમાજના મહિલા બિરાજે છે ત્યારે ક્ષત્રિય સમાજના પ્રમુખ હોવા જોઈએ એવી થિયરી પર સહમતી સધાયા પછી પાટીદાર વોટ બેંક સાચવી લેવા સારું મનસુખ માંડવિયાનું નામ ચર્ચામાં આવ્યું હતું. હવે છેલ્લો નિર્ણય અમિત શાહ અને આનંદીબેનની ઈચ્છા મુજબનો રહેશે. બનવાજોગ કે એમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહનો જ હાથ અદ્ધર રહે કારણ કે આખરે તો ૨૦૧૭માં આવનારી વિધાનસભાની ચૂંટણીમાં વૈતરણી તરવી તે મોદી-શાહની જુગલજોડી માટેની સૌથી મોટી કસોટી બની રહેવાની છે.

રણ બની રહી છે... પૃથ્વી

પ્રશ્ન અતિગંભીર છે, સહિયારા પ્રયાસો વગર નિરાકરણ સંભવ નથી

પૃથ્વી પરના રણો વર્ષોની કુદરતી પ્રક્રિયા બાદ રચાયા છે. માનવ ઈતિહાસમાં આવા રણોએ બહુ મોટો ભાગ ભજવ્યો છે. ઉપજાઉ હરિયાળી જમીનની રણ બનવાની પ્રક્રિયા 'રસીકરણ' કહેવાય છે. જેમાં સુકા અને અર્ધસુકા વિસ્તારો રણમાં ફેરવાઈ જવાનો ભય વધુ રહેલો છે. રણીકરણને અંગ્રેજીમાં ડેઝર્ટીફીકેશન (desertification) કહે છે. ઉષ્ણ કટિબંધ વિસ્તારના સૂકી જમીન વિસ્તારોમાં રણમાં ફેરવાઈ જવાની સંભાવનાઓ વધારે છે. આવા વિસ્તારોની ફરતે રણ વિસ્તારો પણ આવેલા છે. તેથી તેવા વિસ્તારો વધુ સંવેદનશીલ છે.

આજે પૃથ્વીની સપાટી પરનો ૩૫ ટકા એટલે કે અંદાજે ૪૫૦ લાખ ચોરસ કિલોમીટર વિસ્તાર રણમાં ફેરવાઈ જવાના ભય હેઠળ છે અને તેની અસર તે વિસ્તારમાં વસવાટ કરતાં ૧૯ ટકા એટલે કે ૮૫૦૦ લાખ માનવો પર થનાર છે. એક અંદાજ મુજબ પ્રતિ વર્ષ ૬૦,૦૦૦ ચો.કિ. જેટલી જમીન રણમાં ફેરવાઈ રહી છે. જે ભવિષ્યમાં કદી તેની મૂળ સ્થિતિમાં પરત ફરી શકનાર નથી. વર્ષ ૧૯૭૭ થી આજ સુધીમાં ૨,૧૦,૦૦૦ ચો.કિ. જેટલી જમીન રણમાં ફેરવાઈ ગઈ હોવાનો અંદાજ છે. જેની આર્થિક ઉત્પાદકતા શૂન્ય થઈ ચુકી હોઈ તે બીન ઉપજાઉ બની ચુકી છે.

ખેતીની જમીન રણમાં ફેરવાઈ જવાની સ્થિતિમાં એશિયા ખંડની ૩૭ ટકા અને આફ્રિકા ખંડની ૨૯ ટકા જેટલી જમીન સામેલ છે. જે અન્ય ખંડો કરતાં સહુથી વધુ છે.

આપણાં ભારત દેશમાં રાજસ્થાન રાજયનો સૂકી જમીન વિસ્તાર ૬૧ ટકા રણમાં ફેરવાઈ જવાના ભય હેઠળ છે. જયારે ગુજરાત રાજયમાં તેનું પ્રમાણ ૨૦ ટકા જેટલું છે. અન્ય રાજયોમાં આંધ્રપ્રદેશ, પંજાબ, હરિયાણા, કર્ણાટક અને મહારાષ્ટ્રનો સમાવેશ થાય છે.

ગુજરાત રાજયનો કચ્છ જીલ્લો સંપૂર્ણપણે રણમાં પલટાઈ જવાના ખતરા હેઠળ છે. જયારે જામનગર જિલ્લાનો ૮૦ ટકા વિસ્તાર રણ બની જાય તેવી શક્યતાઓ છે. સુરેન્દ્રનગર, બનાસકાંઠા, મહેસાણા, અમદાવાદ અને રાજકોટ જેવા જિલ્લાઓમાં પણ ઘણા વિસ્તારો રણ બનવાની સંભાવના વાળા છે.

દેશમાં ગરમ અને ઠંડા એમ બે પ્રકારના રણ છે તેમ કહી શકાય જેમાં ગરમ રણ રાજસ્થાનનું કે જે રેતાળ પ્રકારનું છે અને ગુજરાતનું રણ ખારું રણ છે આવા પ્રકારના રણનો વિસ્તાર ૩,૧૬, ૭૦૦ ચો.કિ. જેટલો છે. જયારે જમ્મુ-કાશ્મીરના લડાખ વિસ્તરના ઠંડા રણનો વિસ્તાર ૭૦,૩૦૦ ચો.કિ. જેટલો છે.

વનસૃષ્ટિનો પરિચય
હેમંત સુથાર

રણીકરણ થવા માટેના મુખ્ય કારણોમાં તેવા વિસ્તારોમાં થતું બેકાબુ ચરિયાણ, વન વિનાશ, અણઘડ ખેતી પદ્ધતિ, પિયત પદ્ધતિમાં બેદરકારી, ખારાશનો ફેલાવો, આબોહવા પરિવર્તન, રાસાયણિક ખાતરો-જંતુનાશકો દવાઓનો બેફામ ઉપયોગ અને વસ્તી વધારાનો સમાવેશ થાય છે.

રણીકરણને પરિણામે વિશ્વના અન્ન ઉત્પાદનમાં ઘટાડો થશે. પ્રાકૃતિક સંશોધનો ઘટવાથી લોકોને અન્ન, રહેઠાણ અને જળની અછત જેવા પ્રશ્નોનો સામનો કરવો પડશે. દુષ્કાળનું પ્રમાણ વધશે. ગામડાઓમાંથી મોટી સંખ્યામાં લાખો લોકો શહેરો તરફ સ્થળાંતરણ કરવું પડશે. ગામડાઓ અને ખેતી-પશુપાલન વ્યવસાય ભાંગી પડશે. ગરીબી તથા નિરાશ્રિતોની વસ્તી પ્રમાણમાં વધી જશે.

સમગ્ર વિશ્વ આ બાબતે ચિંતિત છે. યુનાઈટેડ નેશન્સ દ્વારા ૨૦૦૬ વર્ષને 'ઈન્ટરનેશનલ યર ઑફ ડેઝર્ટ એન્ડ ડેઝર્ટીફીકેશન' તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. પ્રતિ વર્ષ ૧૭ જૂનનો દિવસ 'વર્લ્ડ ડે ટુ કોમ્બેટ ડેઝર્ટીફિકેશન' તરીકે ઉજવવામાં આવી રહ્યો છે. પ્રશ્ન અતિગંભીર છે. સહિયારા પ્રયાસો વગર નિરાકરણ સંભવ નથી.

જલ્દી ડાયલ કરો આ 'ટોલ ફ્રી' નંબર...!!!

૯૦ના દાયકામાં ઘરની આજુબાજુમાં કે પછી ઓળખીતા દુકાનદારને ત્યાં જઈને વસ્તુઓ ખરીદવાની મજા હતી અને ટ્રેન્ડ પણ હતો. એ બહાને ખરીદીની ખરીદી પણ થઈ જતી અને ઓળખીતા પાળખીતા સાથે એ જમાનાની ચીટચાટ પણ થઈ જતી. ઓળખીતા દુકાનદારનો ફાયદો એ રહેતો કે નાં ગમે તો ચીજ પાછી કે બદલાવી શકાતી હતી. એ પછી આવ્યો 'મોલ' નો જમાનો. પેલા ઓળખીતા દુકાનદારના કેસમાં કદાચ વસ્તુઓ લીમીટેડ રહેતી અને બીજું કે બીજી જગ્યાએ શુ ભાવતાલ છે એ નક્કી કરવું અઘરું રહેતું એવામાં આવેલા આ મોલકલ્ચરે આ બધી સુવિધા આપી. એક સાથે અનેકો દુકાનો, ફૂલ ઓફ વેરાઈટીઝ અને લટકામાં મોલનું મનોરંજન..!!! જોતજોતામાં મોલ્સ કલ્ચર પણ ખરીદીના ક્ષેત્રમાં આગળ દોડવા માંડ્યું. પણ આ બન્ને કેસમાં ખાટલે મોટી ખોડ એ હતી કે દુકાન કે મોલ સુધી તમારે જવું પડે, સમય કાઢવો પડે અને બીજું કે મોલમાં તો બદલાવી આપવાની છપ્યો જ નહિ એટલે સમજી વિચારીને ખરીદી કરવી પડે.

ટૂથબ્રશ લેવા ગયા હોઈએ ને બાસમતીનું બાચકું લઈ આવીએ એવા બનાવો અને અનુભવો મોલ ગોએર્સમાં વધતા ગયા. મોલની દુકાનોના અતિશય ચા ભાડા દુકાનદારો ગ્રાહકો પાસેથી વસુલ કરતા ગયા અને સરવાળે મોલકલ્ચર એકાદુક્કા ચેઈનને બાદ કરતા ડચકે ચડી ગયું. પણ સો વોટ? ખરીદી તો કરવી પડે કે નહિ? અને એનાથી પણ આગળ ગ્રાહકને વસ્તુ તો વેચવી જ રહી. હા, જમાનો બદલાયો એમ ગ્રાહકને પોતાના તરફ ખેચવાની હોડ, તોર અને તરીકાઓ વધતા ગયા. ન્યુઝપેપર જાહેરાતોથી છાપાઓ ઉભરાવા માંડ્યા પણ હજુ પણ ગ્રાહકને ત્યાં સુધી લાંબુ થવું તો એમને એમ જ રહ્યું. બસ, આ કશમકશનો ઉકેલ આવ્યો ઓનલાઈન શોપ્પીંગના સ્વરૂપે. માઉસના ક્લિક પર કે મોબાઈલના સ્ક્રીન પર એક ક્લિક અને વસ્તુ છેક ઘરના આંગણામાં હાજર. થાક્યા પાક્યા ઓફીસ કે ધંધા પરથી આવીને ફરી પાછું ફેમીલીને લઈને મોલ્સ કે દુકાનોના ચક્કર કાપવાનું ટળ્યું. એય ને દીવાનખંડના સોફામાં બેસીને પગ લાંબા કરીને નિરાતે મંગાવો ને જે મંગાવવું હોઈ એ.

રજળપાટ
અજય ઉપાધ્યાય

ઓનલાઈન શોપિંગ અથવા તો ઈ-કોમર્સમાં પણ બે રીતો સફળ થઈ છે એક તો વેબ્સાઈટ પરથી ડાઈરેકટ ખરીદીની અને બીજી છે શોપિંગ ચેનલ્સની અથવા તો ટેલીશોપિંગની. ઓનલાઈન શોપિંગની વાત ફરી ક્યારેક પણ આજે કરીએ હોમ શોપિંગ ચેનલ્સથી ગ્રાહકોના ઘર સુધી પહોચતા વેપાર વિસ્તારની. હવે શુ છે કે હર ઘર એક ટીવી છે અને એ ટીવીમાં ચેનલોની ભરમાર છે, અધૂરામાં પૂરું ઓલમોસ્ટ હર એક હાથમાં એક મોબાઈલ છે. રોટી કપડા ઔર મકાનની જેમ હવે ચેનલ અને મોબાઈલ પણ જીવન જરૂરીયાતની ચીજોમાં સામેલ છે. બસ, આ વાતનો ફાયદો ઉઠાવ્યો ઈકોમર્સવાળાઓએ અને દુકાનો, મોલ્સ કે ઓનલાઈન શોપિંગના જ એક નવા અધ્યાય હોમ શોપિંગનો જન્મ થયો. ઈન્ટરનેટના રીવોલ્યુશનનો ફાયદો ઉઠાવ્યો આ હોમવાળાઓ એ આગળ કહ્યું એમ ટીવી લગભગ હર ઘરમાં છે ઈનફેક્ટ હજુ આજે પણ ટેલીવિઝનના દર્શકો ઈન્ડીયામાં સૌથી વધુ છે અને વધતા જ જાય છે એવામાં હોમ શોપિંગમાં ઉછાળો આવવો સ્વાભાવિક છે કારણ કે એકી સમયે અંદાજે પાંચ ગણા ગ્રાહકો મળી શકે છે અને મળી રહ્યા પણ છે.

આજથી અંદાજે એકાદ દશકા પહેલા આ હોમશોપ વાળું ટીવીના પડદે દેખાયેલું. યાદ છે ને સૌ પહેલા શની યંત્ર અને સૌના બેલ્ટ જેવી જાહેરાતો? સેટેલાઈટ ચેનલોના વિસ્તારની અને લોકપ્રિયતાની સાથે સાથે શરૂઆતમાં મોટાભાગે મોડી રાત્રે જ આ દુકાનો ટીવીના પડદે ખુલતી. ત્રણેક વર્ષ સુધી તો આ યંત્રોને વજન ઉતારવાના પટ્ટા મોડી રાત્રે વેચતા રહ્યા પણ સાચો ચમત્કાર કે ક્રાંતિ તો થઈ વર્ષ ૨૦૦૮ માં જયારે મોડી રાત્રે ફીલર તરીકે આવતા આ વેચાનીયા પ્રોગ્રામોની બદલે એક ફૂલ ફ્લેઝડ ચેનલ જ શરુ થઈ ગઈ. જી હા જયાં ચોવીસ કલાક અને ૩૬૫ દિવસ જાતજાતની પ્રોડક્ટ્સ વેચાણ માટે દર્શકો સમક્ષ રજુ થતી રહી. જી હા એ ચેનલ હતી હોમ શોપ-૧૮. અત્યારે તો હોમ શોપિંગની અગણિત ચેનલો ટીવીના પડદે તમારી સમક્ષ અનેક વસ્તુઓ પેશ કરી રહી છે પણ હોમ શોપિંગની આ પાઈનિઓર ચેનલને હજુ સુધી કોઈ પણ ટેલીશોપિંગ ચેનલ ટક્કર નથી મારી શકી.

હોમશોપ ૧૮ની ભવ્ય સફળતાની પાછળ પાછળ જ હોમ શોપિંગ કરાવતી ચેનલોનો રાફડો ફાટી નીકળ્યો. સ્ટાર સીજે, નાપતોલ અને હોટ બ્રાન્ડ્સ જેવી ચેનલો ટીવીના ટચુકડા પડદે ગ્રાહકોના દિલ જીતવા ૨૪ X ૭ નોનસ્ટોપ વસ્તુઓ પેશ કરતી થઈ ગઈ. જો કે હજુ પણ હોમશોપ ૧૮ ઓલમોસ્ટ અર્ધા માર્કેટ શેર સાથે ટોપ પર છે. હોમશોપનો બજાર હિસ્સો અંદાજે ૪૮ % છે જેની સામે નજીકનું પ્રતિસ્પર્ધી ગણાતું સ્ટારસીજે અને નાપતોલ લગભગ ૨૦ % જેવો માર્કેટ શેર ધરાવે છે. 'મૈ બહોત મોટા થા, દોસ્તો મેરી મજાક ઉડાતે થે, મૈ ઠીક સે ચલ ભી નહિ પાતા થા... ફિર મૈને અપનાયા ફલા ફલા વેઈટ લોસ પ્રોડક્ટ....આજ મૈ ખુસ હું ' જેવી ફન્ની લાગતી ડબ કરેલી વિદેશી જાહેરાતોની સામે આજે તમે અર્ધી રાત્રે પણ ટીવી ઓન કરીને આમાંની કોઈ એક હોમશોપ ચેનલ ટયુન કરશો તો અત્યંત રોચક ભાષા અને આકર્ષક રજુઆતથી નમણી ભારતીય મોડેલો કે પછી કોઈ જાણીતા બોલીવુડ કે ટીવીના હીરો કે હિરોઈન કૈક ને કૈક વેચતા જોવા મળી જશે. અને પેલા મોલ કે દુકાનથી વિપરીત તમે રાત્રે બે વાગે પણ એને ખરીદી શકો. સરવાળે ફાયદો તો ગ્રાહકનો જ છે ને ભાઈ!!!

હોમ શોપ ચેનલમાં કેટલો ફાયદો હશે એ તો રામ જાણે પણ એ હકીકત છે કે દિવસેને દિવસે વધુને વધુ ચેનલો શરુ થઈ રહી છે. આમાં કઈક તો હશે એ વાતનો અંદાજ તમને આ બનાવ પરથી આવશે. તાજેતરમાં જ શિલ્પા શેટ્ટીના પતિદેવ રાજ કુન્દ્રા અને એકટર અક્ષયકુમારે ભેગા મળીને આવી જ એક હોમશોપ ચેનલ લોન્ચ કરી, જેનું નામ છે બેસ્ટ ડીલ ટીવી. અસલમાં અમેરિકામાં ૮૦ ના મધ્ય દાયકામાં આની શરૂઆત થઈ હતી. અત્યારે આપણા ટીવીના પડદે લગભગ અગિયારેક આવી ટેલીશોપિંગ ચેનલ્સ ધૂમ મચાવી રહી છે પણ મેઈન અને વધુ ચાલતી તો ત્રણ જ છે હોમશોપ ૧૮, નાપતોલ અને સ્ટારસીજે. જો કે ભારતમાં ટેલીશોપિંગ અથવા હોમ શોપિંગનું માર્કેટ અધધધ કહી શકાય એવું ૪૦૦૦ કરોડ રૂપિયાનું છે. સ્વાભાવિક છે કે આવા જંગી વેચાણના આંકડામાં ભાગ પડાવવામાં બધાને રસ હોય જ. બેસ્ટ ડીલ ટીવી ઉપરાંત ઈન્ડિયા ટુડે ગ્રુપે પણ 'બેગ ઈટ ટુડે' દ્વારા આમાં જમ્પલાવ્યું છે તો સફળ ઓનલાઈન ઈકોમર્સ સાઈટ સ્નેપડીલે પણ ડેન નેટવર્ક સાથે મળીને પોતાની ચેનલ ઓન એર કરી છે તો નાપતોલ પણ પોતાની ૨૪ X ૭ ચેનલ બ્લુથી વધુ ગ્રાહકોને આકર્ષવામાં લાગી પડ્યું છે. જો કે વેચાણના તાજેતરના આંકડાઓ પર

અનુસંધાન પાના નં. ૭ પર

વિશ્વની સંસ્કૃતિઓનું મિલન : વિશ્વ પુસ્તક મેળો-૨૦૧૬

આજે તા.૧૭ને રવિવાર, નવી દિલ્હી, પ્રગતિ મેદાનમાં તા.૯ જાન્યુઆરીથી આરંભાયેલા 'વિશ્વ પુસ્તક મેળા'નો છેલ્લો દિવસ. જો આપ પુસ્તક પ્રેમી છો. પુસ્તક આપને ગમે છે. તો જીવનમાં અવશ્ય 'વિશ્વ પુસ્તક મેળા'ની મુલાકાત લેવી જોઈએ. દર વર્ષે ફેબ્રુઆરીમાં ભરાતો આ મેળો આ વખતે જાન્યુઆરીમાં યોજાયો છે. હું તો હજી દુનિયાભરના પુસ્તકોની વચ્ચે જ છું દિલ્હી... અને આ લેક છે તમારા હાથમાં. વિશ્વના અનેક ઉત્તમ ગ્રંથોની ઉર્જા પ્રાપ્ત કરીને એક નવી જ અનુભૂતિ પ્રાપ્ત કરીને રાજનીતિની નગરીમાં પ્રવેશ કરીશ ત્યારે ત્યારે સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરી ગયો હશે. 'એ કાઈપો છે... લપેટ'ની બૂમો - ચિચિયારી સમી ગઈ હશે. છેલ્લા ચારેક વર્ષથી 'પતંગ' નહી ઉડાડવાની પીડા આ વર્ષે પુસ્તકોએ ભૂલાવી દીધી હતી. જો કે પુસ્તકોમાં જીવનની તામ પીડામાંથી મુક્ત અપાવવાની અપારશક્તિ છે. એ વાત મારાથી વિશેષ કોણ જાણી શકે?

આ વર્ષે 'વિશ્વ પુસ્તક મેળા'નું મુખ્ય થીમ હતું 'ભારતની સાંસ્કૃતિક ધરોહર' જેમાં ભારતીય દર્શન, જ્ઞાન, પરંપરા અને બહુભાષી સાહિત્યિક પ્રચલનોની ખોજને વિશેષ મહત્ત્વ અપાયું છે. જેણે માત્ર દેશમાં જ નહીં વિશ્વની અનેક સંસ્કૃતિઓને પ્રભાવિત કરી છે આ થીમના અક્ષરોમાં અંગ્રેજી સાથે હડપ્પાની લિપિ પણ ચિત્રિત કરવામાં આવી છે.

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આ 'વર્લ્ડ બુક ફેર'નું ઉદ્ઘાટન તા.૯ જાન્યુના રોજ સવારે ૧૧ કલાકે માનવ સંશાધન વિકાસ મંત્રી સ્મૃતિ ઈરાની દ્વારા થયું. આ સમયે કન્નડના પ્રખ્યાત લેખક એસ.એસ. ભૈરપ્પા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેલા, તો વળી ચીનના ઉપમંત્રી સુન શૌસાન, ચીનના પ્રસિદ્ધ સર્જક લિયુ જેનયુન તથા બંને દેશોના સચિવો... વગેરે હાજર રહ્યા હતા.

આ વિશ્વ પુસ્તક મેળાની શરુઆત ભારતમાં ઈ.સ. ૧૯૭૨થી થઈ હતી. દર બે વર્ષે ભરાયો આ વિશ્વ પુસ્તક મેળો ૨૪મો છે. જે પ્રકાશન જગતમાં આ સૌથી મોટું આયોજન માનવામાં આવે છે. વર્ષ ૨૦૧૩થી હવે આનું દર વર્ષે આયોજન કરવામાં આવી રહ્યું છે. આના ઉપરથી આપણને ૨૧મી સદીમાં પણ વાચકોની જરૂરિયાત અને ઉપયોગીતાનો ખ્યાલ આવી શકે છે.

આ વર્ષે આ વિશ્વ પુસ્તક મેળામાં કુલ ૧૭૦૦ સ્ટોલ બનાવવામાં આવ્યા છે. જેમાં હિન્દી ભાષાનાં ૨૮૭ સ્ટોલ, ઉર્દૂના ૨૧, અંગ્રેજીના ૪૭૯, મલયાલમના ૬, પંજાબીના ૮, તમિલના ૩, બાંગ્લાના ૪, ઊડિયાના ૨ તથા સંસ્કૃત, અસમિયા, તેલુગુ, મરાઠી, સિંધી તથા ગુજરાતી ભાષાના એક-એક સ્ટોલ છે. બાકી અન્ય સંસ્થાઓના, પરિષદોના, ટ્રસ્ટોના, મંડળોના પણ સ્ટોલ છે. અહીં ફ્રાન્સ, પાકિસ્તાન, સ્પેન, નેપાળ, અમેરિકા, શ્રીલંકા, ચીન, પોલેન્ડ, મિસ્ત્ર, જર્મની, મોરીશીયસ જેવા અનેક દેશોના પ્રકાશકોએ - સર્જકોએ ભાગ લીધો હતો.

પરંપરા અનુસાર આ વર્ષે આ વિશ્વ પુસ્તક મેળામાં વિશેષ રુપથી 'સન્માનિત અતિથિ દેશ' ચીન છે અને આ કારણે ચીન પણ સૌથી મોટું પ્રતિનિધિમંડળ અને અનેક નવા પુસ્તકોની સાથે ઉત્સાહથી આ મેળામાં ભાગ લઈ રહ્યું છે. આને કારણે ભારતીય લેખક-ભાવક ચીની સાહિત્યથી, ચીની કલા અને સંસ્કૃતિ તથા સામાજિક આયામોથી પણ પરિચિત થઈ શક્યા હતા.

'ભારતની સાંસ્કૃતિક ધરોહર' થીમ સંદર્ભે આ મેળામાં બનાવેલા પેવેલિયનમાં દરારોજ ભારતની વિવિધતાપૂર્ણ સમૃદ્ધ સાંસ્કૃતિક ચેતના વ્યક્ત કરતા અવનવા કાર્યક્રમો રજુ થયા. તો વળી ભોજપત્રથી લઈને ઈ-બુક્સ સુધીની સફરને સાંસ્કૃતિક પરિપ્રેક્ષ્યમાં જોઈ - સમજી શકાય એવી ગોઠવણ અહીં કુશળતાથી કરવામાં આવી હતી. એક તરફ હોલ નં. ૧૪ માં માત્ર બાળકોની રંગીન દુનિયા અને આવતી સદીના શિક્ષણની સ્વપ્નશીલ ઝલક જોવા મળી હતી.

આ વિશ્વ પુસ્તક મેળામાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય સર્જક-પ્રકાશક-ભાવક બધા એક સાથે બેસીને ગોષ્ઠી કરી શકે એ માટે 'લેખક મંચ' બનાવવામાં આવ્યા હતા. જયાં પ્રત્યેક દિવસે સાહિત્યિક ચર્ચા-વિચારણા, વિમોચનો, કવિ સંમેલન, કૃતિ સમીક્ષા, સર્જક મુલાકાતો જેવા સાહિત્યિક કાર્યક્રમો યોજાયા રહેલા.

આ વિશ્વ પુસ્તક મેળામાં અતિથિ દેશના રુપમાં 'ચીન' પણ આ વર્ષે ખુબ ઉત્સાહિત રહ્યું. ચીન અને ભારત એશિયાની બે મહાશક્તિ છે. બંને પ્રાચીન સંસ્કૃતિ ધરાવતા સમૃદ્ધ દેશ છે. વર્ષ ૨૦૧૦માં ચીનમાં આયોજિત 'પેઈચિંગ પુસ્તક મેળા' માં ચીને ભારતને 'અતિથિ દેશ' તરીકેની સન્માન આપ્યું હતું. જેમાં ચીન-ભારત વચ્ચેના રાજકીય-સાંસ્કૃતિક આદાન-પ્રધાન વધતું રહ્યુ છે. ચીનાં આજે પણ મહાત્મા ગાંધી, રવીન્દ્રનાથ ટાગોર, મહાત્મા બુદ્ધ, યોગ વગેરે વિષયોના પુસ્તકોની ખુબ માંગ છે. ભારતીય ફિલ્મો ત્યાં લોકપ્રિય છે. ત્યાંની યુનિવર્સિટીઓમાં ભારતીય સંસ્કૃ